
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં.૨૦૮૧, માગશર સુદ-૧૫ • તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ • અંક : ૨૧

21



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....

**"સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"**

સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

રૂા. ૫૨૦૦ આપી સહભાગી થઈએ.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. [illegible] માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૨૧ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

## શત્રુંજય સ્તવના

श्री शत्रुंजय शैलेश ! लेशतोऽपि गुणास्तव । कैर्व्यावर्णयितुं नाम पार्यन्ते विदुषै रपि ॥१२५॥

भवद्यात्रोपनम्राणां तणां तीर्थानुभावतः । प्रायो मनः परिणाम शुभ एव प्रवर्द्धते ॥१२६॥

त्वद्यात्राप्रचलत्सङ्घरथाश्वोष्ट्रनृपादजः । रेणुअङ्गे लगन् भव्यपुंसां पापं व्यपोहति ॥१२७॥

यावान् कर्म्मक्षयोऽन्यत्र मासक्षपतो भवेत् । नमस्कारसहितादेरपि तावान् कृतात्त्वयि ॥१२८॥

श्रीनाभेयकृतावास ! वासवस्तुत्यवैभव ! । मनसा वचसा तन्वा सिद्धिक्षेत्र ! नमोऽस्तु ते ॥१२९॥

હે શ્રી શત્રુંજય પર્વત !

તારા જરાક અમથા ગુણોનું વર્ણન કરવા અત્યંત બુદ્ધિશાળી માણસોમાંથી પણ કોઈ સમર્થ બનતું નથી.

હે શત્રુંજય ! તારી યાત્રા કરવા માટે તૈયાર થયેલ વ્યક્તિના મનના ભાવો તારા પ્રભાવથી પ્રાયેઃ શુભ રહે છે.

તારી યાત્રા કરવા માટે ચાલતા સંઘો, રથો, ઘોડાઓ, ઉંટ વગેરે પ્રાણીઓ, માણસોના પગને સ્પર્શેલી ધૂળ જો ભવ્ય પ્રાણીઓના શરીરને સ્પર્શે તો એમના પાપો દૂર થઈ જાય છે !

બીજે માસક્ષમણ (મહીનાના સળંગ ઉપવાસ) જેવી દીર્ઘ તપશ્ચર્યા કરવાથી જે પાપકર્મો ક્ષીણ થાય છે. એટલા તો આદરપૂર્વક હે શત્રુંજય ! તને માત્ર નમસ્કાર કરવાથી ખપી જાય છે.

જ્યાં નાભિપુત્ર ઋષભનો વાસ છે મન, વચન, કાયાથી જેની સ્તુતિ ઈન્દ્રોએ કરી છે એવા હે સિદ્ધિક્ષેત્ર-સિદ્ધક્ષેત્ર તને મારા નમસ્કાર હો !

(સ્રોત : આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજીકૃત 'શત્રુંજય તીર્થ કલ્પ' શ્લોક : ૧૨૫-૧૨૯)

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

*'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)*

**સળંગ અંક : ૨૧**

**પ્રકાશન :**

**વિ.સં. ૨૦૮૧, માગસર સુદ-૧૫ રવિવાર, તા.૧૫-૧૨-૨૦૨૪**

**પ્રકાશક :**

**નૈમિષ ભરતકુમાર શાહ** (જનરલ મેનેજર)

**શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

**ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦**

**E–mail : shree_sangh@yahoo.com**

**Website : www.shethanandjikalyanjipedhi.org**

*મુદ્રક :* **નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭**

## પૂ.સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ વિભાગ

અમદાવાદ ખાતે બિરાજમાન અને વિહાર કરીને પધારતા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબની વૈયાવચ્ચ-ભક્તિ માટે પૂ.સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ વિભાગ કાર્યરત બન્યો છે જેની અંતર્ગત પૂજ્ય સાધુ-સાધ્વીજીની સંયમ જીવન યાત્રામાં ઉપયોગી વસ્તુઓ-ઉપકરણો વગેરે વહોરાવીને લાભ લેવાનું આયોજન કરાયું છે.

**સમય** : સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ સુધી (રવિવાર તથા રજાના દિવસો સિવાય)

**સ્થળ** : શેઠ આણંદજી કલ્યાણજી. ૨૫, વસંતકુંજ, નવા શારદામંદિર રોડ, જૈનનગર, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

**ફોન સંપર્ક નં.** : ૨૬૬૦૮૨૪૪/૫૫, Ext. 246 ઉપર સંપર્ક કરીને આ અંગેની વિશેષ જાણકારી પ્રાપ્ત કરી શકાશે.

# શત્રુંજય મહાતીર્થનો ૧૩મો ઉદ્ધાર

શ્રેષ્ઠી જાવડશાએ શ્રી શત્રુંજય મહાતીર્થના ઉદ્ધારોના ક્રમ પ્રમાણે તેરમો અને ઈતિહાસ યુગનો પહેલો ઉદ્ધાર વિ.સં.૧૦૮ની સાલમાં કરાવ્યાની કથા શ્રી ધનેશ્વરસૂરિ વિરચિત 'શ્રી શત્રુંજય માહાત્મ્ય' નામક સંસ્કૃત ગ્રંથમાં વિસ્તારપૂર્વક નોંધાયેલી છે, જેનો સાર આ પ્રમાણે છે -

કાંપિલ્યપુર નામે એક નગર, એ નગર પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ગિરિરાજ શ્રી શત્રુંજયની નજીકમાં કોઈક સ્થાને આવેલું હતું. એમાં ભાવડ નામે એક શ્રેષ્ઠી રહે. શ્રેષ્ઠી ભાવડશા જેવા વ્યાપારમાં નિપુણ હતા, તેવા જ ધર્મપરાયણ હતા. એમની પાસે પુષ્કળ ધન હતું. એમની પત્નીનું નામ ભાવલા હતું. તે પણ શીલવતી અને ધર્માનુરાગી હતી. તેમને બધી જાતની સુખ-સંપત્તિ હતી, પણ ભાગ્યે એમને સવાશેર માટીની (સંતાનની) ભેટ આપવાનું બાકી રાખ્યું હતું.

કાળચક્ર ફર્યું અને, દિવસ રાતમાં પલટાઈ જાય તેમ, શ્રેષ્ઠી ભાવડશા ઉપર સમયના વારાફેરા એવી કમનસીબી લઈને આવ્યા કે ધીરે ધીરે, જાણે એમની લક્ષ્મીને પગ આવ્યા હોય એમ, એ એમના ઘરમાંથી અદૃશ્ય થઈ ગઈ ! પતિ-પત્ની લક્ષ્મીની ચંચળતાનો જાતઅનુભવ કરી રહ્યાં, પણ એથી તેઓ ન હતાશ થયાં, ન વિચલિત થયાં, અને પોતાની ધર્મસાધનાને બરાબર વળગી જ રહ્યાં, એટલું જ નહીં, એમાં વધારો કરતાં ગયાં.

એક દિવસની વાત છે. આ ધર્મી જીવોના આંગણે બે મુનિવરો વહોરવા આવી પહોંચ્યા. શ્રાવિકા ભાવલાએ ખૂબ ઉલ્લાસથી ગોચરી વહોરાવી અને, મુનિવરોની સરળતા જોઈને, ટૂંકમાં પોતાની દુઃખકથા કહી અને વધારામાં પોતાને સંપત્તિ ફરી ક્યારે મળશે તે પૂછ્યું.

મુનિવરો સાચા ત્યાગી, સંયમી અને બધી જાતની આસક્તિથી મુક્ત હતા. પણ સાથે સાથે તેઓ વિચક્ષણ અને સમયના જાણકાર હતા.

એમણે, જૈન શાસનને થનાર ભાવિ લાભનો વિચાર કરીને, એ બહેનને કહ્યું: 'બહેન ! તમે પૂછ્યા એવા સવાલોના જવાબ આપવાનું શ્રમણ-સંતોને કલ્પે નહીં. પણ તમારા કુટુંબથી ભવિષ્યમાં શાસનનો ઉદ્યોત થવાનો છે, તેથી અમે તમને કહીએ છીએ કે, આજે એક ઘોડી વેચાવા આવશે, તેને તમે ખરીદી લેજો. એના પગલાંથી તમને ધનની પ્રાપ્તિ થશે.' આટલું કહીને મુનિવરો ધર્મલાભ આપી વિદાય થયા.

મુનિવરોના કહેવા મુજબ એક ઘોડી વેચાવા આવી; પોતાની પત્નીના કહેવાથી ભાવડશાએ તે ખરીદી લીધી. સમય જતાં એ ઘોડીએ એક વછેરાને જન્મ આપ્યો. એ ઉત્તમ લક્ષણોથી અંકિત હતો. એ ત્રણેક વર્ષનો થયો ત્યારે તપન નામના રાજાએ એને ત્રણ લાખ જેટલું દ્રવ્ય આપીને ખરીદી લીધો.

શ્રેષ્ઠી ભાવડશા ઘોડાના પારખુ હતા. એટલે આ લક્ષ્મીના બળે તેઓ ઘોડાના સોદાગર બની ગયા. એક સમયે ઉત્તમ કોટિના સંખ્યાબંધ અશ્વોને એમણે એવા કેળવ્યા કે જોનાર એને બે ઘડી જોઈ જ રહે !

તે સમય પરદુઃખભંજન રાજા વીર વિક્રમનો હતો. એ જેવો ઉદાર હતો, તેવો જ વિચક્ષણ હતો. તે પોતાની ચતુરંગી સેનાને હંમેશા સજ્જ રાખતો અને એમાં ઉત્તમ કોટિના અશ્વોને વસાવવાનો એને શોખ હતો. ભાવડશાએ ઉજ્જયિની નગરીમાં જઈને પોતાના ઉત્તમ અશ્વો સમ્રાટ વિક્રમને ભેટ આપી દીધા. અને જ્યારે વિક્રમ રાજાએ પ્રસન્ન થઈને એનું મૂલ્ય લેવા કહ્યું ત્યારે ભાવડશાએ લાગણી અને વિવેકપૂર્વક કહ્યું : 'આપ તો આખા દેશના રક્ષક છો અને આખી પ્રજાનું ભલું કરનારા છો. તો આપના કાર્યમાં મારી આ નમ્ર ભેટ સ્વીકારીને મને ઉપકૃત કરશો. મારે અશ્વોનું મૂલ્ય લેવાનું નથી.'

ભાવડશાની વાત વિક્રમ રાજાના અંતરને સ્પર્શી ગઈ. એ વખતે તો તેઓ ચૂપ રહ્યા, પણ થોડા દિવસ પછી સમ્રાટે એને રાજસભામાં

બોલાવીને એનું ખૂબ બહુમાન કર્યું અને શત્રુંજયની નજીકમાં આવેલ મધુમતી (મહુવા) નગરી અને એની આસપાસનાં બાર ગામો ભેટ આપીને એનું રાજવીપણું એને અર્પણ કર્યું. ભાવડશા સમ્રાટની આજ્ઞા લઈને પોતાના નગર પાછા ફર્યા અને તે પછી તેઓ કાંપિલ્યપુર છોડીને મધુમતીમાં રહેવા લાગ્યા. એમનો ભાગ્યનો સૂર્ય વધુ ને વધુ પ્રકાશમાન થતો જતો હતો.

સમય જતાં આ શેઠ શેઠાણીને સંતાનની જે ખામી લાગ્યા કરતી હતી, તે પણ દૂર થઈ અને એમને ત્યાં લક્ષણવંતા પુત્રનો જન્મ થયો. એનું નામ એમણે જાવડ રાખ્યું. જાવડશા મોટી ઉંમરના થયા ત્યારે શ્રી શત્રુંજયની તળેટીમાં આવેલ ઘેટી ગામના શ્રેષ્ઠી શૂરની સુપુત્રી સુશીલા સાથે એમનાં લગ્ન કરવામાં આવ્યો. સુશીલા પણ એના નામને અનુરૂપ સુશીલ અને ધર્માનુરાગી સન્નારી હતી.

દિવસ આથમે અને ખીલેલું કમળ બિડાઈ જાય તેમ આયુષ્યનો દોર પૂરો થયો અને શ્રેષ્ઠી ભાવડશા તથા શેઠાણી ભાવલા આ દુનિયામાંથી વિદાય થયાં. મધુમતી અને ૧૨ ગામના રાજવીપદની જવાબદારી શ્રેષ્ઠી જાવડશા સંભાળવા લાગ્યા. સાથે સાથે એમનો વહાણવટા વગેરેનો વ્યવસાય તો ચાલુ જ હતો. વળી ગિરિરાજ શત્રુંજય મહાતીર્થની સંભાળ રાખવાની જવાબદારી પણ એમના ઉપર જ હતી.

સૌરાષ્ટ્રની નજીકનો એક દેશ. ત્યાં મ્લેચ્છો (મોગલો)નું રાજ્ય. ત્યાંના રાજાએ જાણ્યું કે ભારતના સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં અઢળક ધન પડ્યું છે, એટલે ધન મેળવવાના લોભથી પ્રેરાઈને એણે સૌરાષ્ટ્રમાં દરિયા મારફત પોતાનું લશ્કર ઉતાર્યું. અને મધુમતી નગરી વગેરે સ્થાનો ઉપર હુમલો કર્યો. જાવડશાએ એનો સામનો તો પૂરેપૂરો કર્યો, પણ લશ્કર ઓછું એટલે અંતે તેઓ હારી ગયા. મ્લેચ્છ રાજા અઢળક ધન તેમજ અનેક દાસ-દાસીઓને લઈને પોતાના દેશ તરફ રવાના થયો, એટલું જ નહીં, પણ એ

પોતાની સાથે શ્રેષ્ઠી જાવડશા અને એનાં પત્નીને પણ કેદ કરીને લેતો ગયો.

મ્લેચ્છ દેશમાં પણ જાવડશા પોતાની બુદ્ધિના બળે અને ધર્મના પ્રતાપે રાજા અને  પ્રજા બંનેમાં માનીતા થઈ પડ્યા. અને વેપાર ખેડીને એમણે ધન પણ ઘણું ભેગું કર્યું. ત્યાંના બાદશાહના તો એ અંગત સલાહકાર જ થઈ ગયા હતા. આ બધું એમને વારે વારે પોતાનું વતન યાદ આવ્યા કરતું હતું. વળી પોતાના પ્રાણપ્યારા તીર્થ શત્રુંજયની સાર-સંભાળ કેવી લેવાતી હશે એની પણ ચિંતા એમને સતાવ્યા કરતી હતી.

આ રીતે કેટલોક વખત પસાર થયા પછી એમના જાણવામાં આવ્યું કે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો કબજો અઘોરીઓએ લઈ લીધો છે અને એના ઉપર તો માંસ-મદિરાની મહેફિલો મંડાય છે ! આથી તીર્થની યાત્રા બંધ થઈ ગઈ છે, જિનાલય ધ્વસ્ત થઈ ગયું છે અને એની આશાતનાનો કોઈ પાર રહ્યો નથી. આ સમાચાર જાણીને એમના રોમરોમમાં હજારો વીંછીઓના ડંખ જેવી વેદના જાગી ઊઠી અને એમની ઊંઘ હરામ થઈ ગઈ. એમને પોતાની જાત ઉપર પણ ધિક્કાર આવ્યો કે હું કેવો કુપુત્ર અને કમનસીબ કે પિતાએ સોંપેલ રાજ્ય અને તીર્થની પણ સાચવણી ન કરી શક્યો ! એમને તો રાત-દિવસ એમ જ થયા કરતું કે 'અહીંથી ક્યારે વતનમાં પહોંચું અને ક્યારે પરમ પાવન એ તીર્થનો ઉદ્ધાર કરું !'

પણ એમણે જોયું કે, પરદેશમાં ઉતાવળ કરવાથી કામ પતે એમ ન હતું. એટલે એમણે, ધીરજ પૂર્વક, યોગ્ય સમયની રાહ જોવાનું મુનાસિફ માન્યું. સદ્‌ભાગ્યે એમને આવી તક મળી ગઈ ત્યાંના બાદશાહ ઉપર કોઈક એવી મુશ્કેલી આવી પડી કે જેમાંથી બચી જવાનો માર્ગ પોતાના અનેક સલાહકારોમાંથી કોઈએ ન સૂચવ્યો. છેવટે એમને જાવડશાની સલાહ લેવાનો ખ્યાલ આવ્યો. એમણે એમની સલાહ લીધી, અને એ સલાહથી એમની મુશ્કેલી દૂર થઈ હતી. આથી બાદશાહ ખૂબ પ્રસન્ન થયો અને પોતાને જ કંઈ જોઈતું હોય તે માગી લેવા એણે જાવડશાને આગ્રહ કર્યો.

પણ એ શાણા શ્રેષ્ઠીએ અહીં મારે કોઈ વાતની ખામી નથી એમ કહી કશું માગવાની ના કહી. પણ જ્યારે બાદશાહે આ માટે ખૂબ આગ્રહ કર્યો ત્યારે એમણે, હવે રાજાને પોતાની મનની વાત કહેવાનો સમય પાકી ગયો છે એમ માનીને, પોતાને પોતાના વતન પાછા ફરવાની અનુમતિ આપવાની માગણી કરી, બાદશાહ શાણો હતો. એ જાવડશાની લાગણીને સમજી ગયો અને તરત જ એણે એમની માગણીનો સ્વીકાર કર્યો, એટલું જ નહીં, એમની બધી સંપત્તિ, રાજ્ય, મારફત, એમના વતન પહોંચતી કરવાની જવાબદારી પણ લીધી.

શ્રેષ્ઠી જાવડશાના પાછા આવવાના સમાચારથી મધુમતી નગરી અને આખા પરગણામાં આનંદ આનંદ છવાઈ ગયો. બધાંએ એમનું ખૂબ ઉમળકાથી સ્વાગત કર્યું. પણ જાવડશાના મનને હજી પણ ચેન ન હતું. એમના મનમાં તો એક જ ભાવના રમતી હતી કે ક્યારે તીર્થાધિરાજનો ઉદ્ધાર થાય, ક્યારે દેવાધિદેવની ફરી પ્રતિષ્ઠા થાય અને ક્યારે એની યાત્રા ફરી ચાલુ થાય, એવી પુણ્યઘડી આવે ! તેઓએ પોતાની બધી શક્તિ અને સંપત્તિ એકત્ર કરીને અઘોરીઓને ગિરિરાજના પહાડ ઉપરથી દૂર કરી આખા પહાડને દૂધ અને પવિત્ર જળથી ધોવરાવીને તીર્થની આશાતના દૂર કરી અને અઢળક ધન ખર્ચીને દેવાધિદેવ ભગવાન ઋષભદેવના ભવ્ય જિનાલયનું ટૂંક વખતમાં જ નવનિર્માણ કરાવ્યું.

આ રીતે આ તીર્થની આશાતના દૂર થઈ અને જિનપ્રસાદ તૈયાર થઈ ગયો એટલે જૈન શાસનના તે સમયના મહાન પ્રભાવક મહાપુરુષ વજસ્વામીના કહેવાથી બાહુબલિએ ભરાવેલ ભગવાન ઋષભદેવનું બિંબ, ચક્રેશ્વરી દેવીની સહાયથી મેળવ્યું. પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે ગામેગામના સંઘોને આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી. તીર્થાધિરાજની યાત્રાની મુક્તિના આ શુભ સમાચાર સાંભળીને ચતુર્વિધ સંઘ ખૂબ હર્ષ અનુભવી રહ્યો અને આ મહોત્સવમાં ભાગ લેવા માટે અનેક ગામોના સંઘો પાલીતાણામાં સમયસર પહોંચી ગયા. ચારેકોર આનંદ અને ઉલ્લાસનું

વાતાવરણ પ્રવર્તી રહ્યું. નગરમાં જાણે માનવ-મહેરામણ હિલોળા લેવા લાગ્યો.

પ્રતિષ્ઠાનો સર્વ આનંદકારી દિવસ આવી પહોંચ્યો. બધા સંઘો ગિરિરાજ ઉપર સમયસર પહોંચી ગયા અને શુભ મુહૂર્તે આદિદેવ ભગવાન ઋષભદેવના જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રેષ્ઠી જાવડશા અને શેઠાણી સુશીલાના હર્ષની આજે કોઈ અવધિ ન હતી. તેઓ અસીમ ઉલ્લાસમાં તરબોળ બનીને શિખર ઉપર ધજાદંડ ચડાવવા જિનપ્રસાદની ઉપર ગયાં. સંઘ પણ એમની સાથે ગયો. ધજાદંડ ચડાવીને તેઓ એવાં ભાવવિભોર અને રોમાંચિત બની ગયાં હતાં કે દિન-દુનિયા અને પોતાના જીવનનો પણ ખ્યાલ વીસરીને તેઓ આનંદ સમાધિમાં લીન થઈ ગયાં હતાં અને એમના રોમરોમમાંથી પરમાત્માએ કરેલ ઉપકારના ધબકારા ગાજી રહ્યા હતા.

તેઓ પરમાત્માના સ્મરણમાં એવાં એકાગ્ર થઈ ગયાં હતાં કે એમને નીચે ઊતરવાનો પણ ખ્યાલ જ ન રહ્યો. સંઘ ધીરે ધીરે નીચે આવી ગયો અને શ્રેષ્ઠીયુગલ નીચે આવી પહોંચે એટલે એમનું બહુમાન કરવાની ધન્ય ક્ષણની રાહ જોઈ રહ્યો. પણ મિનિટો ઉપર મિનિટો વીતવા છતાં શ્રેષ્ઠીયુગલ નીચે ન આવ્યું, ત્યારે સંઘના મોવડીઓ એમને નીચે બોલાવી લાવવા ફરી જિનપ્રસાદની ઉપર ગયા. ત્યાં એક અલૌકિક દૃશ્ય જોઈને તેઓ બધા સ્તબ્ધ થઈ ગયા. તેઓએ જોયું કે, શ્રેષ્ઠી જાવડશા અને સુશીલા શેઠાણી, જિનપ્રસાદના શિખરની પાસે જ, પ્રભુને વંદન કરવાની મુદ્રામાં, સ્વર્ગવાસી થઈ ગયાં હતાં ! એમની પવિત્ર કાયાને અને દિવ્ય ભાવનાને વંદના કરી શ્રીસંઘ કૃતાર્થ થયો !

**આ છે શ્રેષ્ઠી જાવડશાના તેરમાં ઉદ્ધારની ટૂંકી ધર્મકથા.**

નોંધ :- (૧) જાવડશાએ કરાવેલ શત્રુંજયના ઉદ્ધારની કથા કેટલાક ફેરફાર સાથે આચાર્યશ્રી ધર્મઘોષસૂરિ રચિત 'સિત્તુંજકપ્પો' ઉપરની શ્રી શુભશીલ ગણિએ રચેલ સવિસ્તર ટીકામાં વિસ્તારથી આપવામાં આવી છે. તેમાં ઉદ્ધાર કરાવવાનું નામ જાવડના બદલે જાવડિ આપવામાં આવ્યું છે. 'વિવિધ તીર્થકલ્પ'માંના શ્રી 'શત્રુંજય તીર્થકલ્પ'માં પણ જાવડના બદલે જાવડિ નામ મળે છે.

**ભરત ચક્રવર્તી દ્વારા હસ્તિસેન મહામુનિની સ્મૃતિમાં સ્થાપિત અને**
**પરમ પાવન શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થની**
**ઉપમી ટૂંકરૂપે સ્તવાતા શ્રી હસ્તગિરિતીર્થમાં**
**પ્રાચીન દેરીમાં સ્થાપિત પરમાત્મા ઋષભદેવની**
**પ્રાચીન ચરણપાદુકાને યથાવત રાખીને**
**નવનિર્મિત જિનાલયમાં પરિકર સહિત શ્રી આદીશ્વર ભગવાનના**
**૨૫ ઈંચના ચતુર્મુખ જિનબિંબોની પ્રતિષ્ઠા**

**-: મહોત્સવ પ્રારંભ :-**

વિ.સં.૨૦૮૧ માગસર સુદ-૬, શનિવાર, તા.૦૭.૧૨.૨૦૨૪

**-: પાવન પ્રતિષ્ઠા :-**

વિ.સં.૨૦૮૧ માગસર સુદ-૧૧, બુધવાર, તા.૧૧.૧૨.૨૦૨૪

**-: પાવન પ્રતિષ્ઠા પ્રસંગના નિશ્રાદાતા :-**

પાલીતાણામાં બિરાજમાન સર્વ પૂજ્ય આચાર્ય ભગવંતો, પૂજ્ય પદસ્થો,
પૂજ્ય મુનિ ભગવંતો, પૂજ્ય સાધ્વીજી ભગવંતો સહિત ચતુર્વિધ સંઘ

**-: પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર :-**

શ્રી રમણલાલ છગનલાલ શાહ પરિવાર - નવસારી
શ્રી નોરતીદેવી લાલચંદજી લલવાણી પરિવાર - નાગોર - ચેન્નઈ
શ્રી સુધાબેન વિજયભાઈ ઝવેરી પરિવાર - વડોદરા
શ્રી જયંતીલાલ દાનસુંગભાઈ અજબાણી પરિવાર - ધાનેરા

**-: પ્રતિષ્ઠા મહોત્સવ સ્થળ :-**

શ્રી હસ્તગિરિ તીર્થ, જાળીયા (અમરાજી)
પાલીતાણા - ૩૬૪૨૭૦ (ગુજરાત)

## હસ્તગિરિ તીર્થની સંક્ષિપ્ત નિર્માણ ગાથા

શ્રી આદીશ્વર પરમાત્માના શાસન કાળમાં તેમના પૌત્ર અને શિષ્ય હસ્તિસેન મુનિ અહીં ૧ કરોડ મુનિઓ સાથે અનશન કરીને નિર્વાણ પામ્યા હતા.

ભરત ચક્રવર્તીના ૭૦૦ હાથીઓ અહીં અનશન કરીને સદ્‌ગતિ પામ્યા હતા. ભરત ચક્રવર્તી દ્વારા અહીં ભવ્ય જિનાલયો બાંધવામાં આવ્યાં... જે કાળના પ્રવાહમાં નષ્ટ થઈ ગયાં. આ તીર્થ શત્રુંજય મહાતીર્થની ૩૫મી ટૂંક તરીકે પણ ખ્યાતિ પામ્યું. હસ્તિસેન ગિરિ તીર્થ કાળક્રમે અપભ્રંશ થતાં અત્યારે શ્રી હસ્તગિરિ તીર્થ તરીકે પ્રચલિત થયું છે.

વરસો પહેલાથી એક પ્રાચીન દેરીમાં શ્રી આદીશ્વર પરમાત્માની પ્રાચીન ચરણ પાદુકા-પગલાં અહીં બિરાજમાન છે. શેત્રુંજી નદી પર ડેમ બન્યા પહેલાં જયારે શત્રુંજય પર્વતની બાર ગાઉની પ્રદક્ષિણા-ફેરી કરાતી હતી એ યાત્રાનું ત્યારનું વર્ણન ૮૦ વરસ પહેલાં આ પ્રમાણે મળે છે.

"ત્યારે એ પ્રદક્ષિણા પાલીતાણાથી પ્રારંભ થતી હતી. દક્ષિણ પૂર્વ તરફ ૭ માઈલ દૂર શેત્રુંજી નદીના કિનારે ભંડારીયા નામે ગામ આવે છે. અહીં શ્રીમાળી શ્રાવકોના ૨૦ ઘર અને એક ઘર દેરાસર છે. દેરાસરમાં શ્રી આદિનાથ પ્રભુની ત્રણ પ્રતિમાઓ બિરાજમાન છે. ભંડારીયાથી બે માઈલ દૂર 'બોદાનો નેસ નામે ગામ આવે છે. બોદાના નેસથી બે માઈલ દૂર ચોક નામનું ગામ આવે છે, જે શેત્રુંજી નદી ઉપર વસેલુ છે. અહીં જૈન ધર્મશાળા અને એક ઘર દેરાસર છે. દેરાસરમાં શ્રી આદિનાથ ભગવાનની નાની પણ સુંદર પ્રતિમાજી બિરાજમાન છે. અહીંથી શેત્રુંજી નદીના ઉત્તર તટ ઉપર હસ્તગિરિ નામે નાની ટેકરી છે. લગભગ અડધા માઈલનું ચઢાણ છે. એના શિખર ઉપર શ્રી આદિનાથ ભગવાનની દેરીમાં પ્રાચીન સમયની પાદુકાઓ પ્રતિષ્ઠિત છે. કહેવાય છે કે ભરત ચક્રવર્તીએ હાથીના મરણથી આ સ્થળે હસ્તગિરિ તીર્થની સ્થાપના કરી હતી. અહીંની યાત્રા કરીને ચોક, જાળીયા વગેરે ગામોમાં થઈને પાલીતાણા પાછા ફરતાં બાર ગાઉની યાત્રા પુરી થવાનું મનાય છે. (જૈન તીર્થ સર્વસંગ્રહ ભાગ-૧, વિભાગ - ૧)

## પ્રાચીન દેરીનો જીર્ણોદ્ધાર

શ્રી હસ્તગિરિ તીર્થ ખાતેની પ્રાચીન દેરીનો જીર્ણોદ્ધાર તથા પ્રાચીન પગલાનો લેપ કામ કરાવવા પૂર્વક એની સ્થાપના ચોક (પાલીતાણા)ના ગાંધી ઠાકરશી જેઠાના પુત્રો મગનભાઈ, નાનચંદ તથા ચત્રભૂજે પોતાના શ્રેયાર્થે વિ.સં.૧૯૮૪ના જેઠ સુદ-૨, સોમવારના દિવસે કરાવી છે.

છેલ્લા ઘણા વરસોથી પાલીતાણા નિવાસી શ્રી શાંતિલાલ ચત્રભૂજ ગાંધી પરિવાર તરફથી પ્રતિ વર્ષ વૈશાખ સુદ-૬ના દિવસે આ દેરી ઉપર ધજારોહણ કરવામાં આવે છે.

વિ.સં.૨૦૪૫ વૈશાખ સુદ-૬, ગુરૂવાર, તા.૧૧.૦૫.૧૯૮૯ના દિવસે નાસિક નિવાસી શ્રી સુમતિલાલ ચંદુલાલ શાહ પરિવાર તરફથી રૂપિયા ૫૦ હજારના સહયોગ પૂર્વક દેરીનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવેલ. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં જીર્ણોદ્ધારિત દેરીમાં પ્રાચીન પગલાં-ચરણ પાદુકાની પુનઃપ્રતિષ્ઠાનો લાભ મુંબઈ નિવાસી ઈન્દુમલજી જીતરાજજી રાઠોડ પરિવાર-કોલ્હાપુરવાળાએ લીધો હતો.

દેરી પર કળશ-સ્થાપનનો લાભ બાપલાવાળા વીરચંદ પુનમચંદ શાહ પરિવાર તરફથી લેવામાં આવ્યો હતો.

આ પ્રાચીન દેરીની સમીપમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવંતના પાંચ કલ્યાણકોના પ્રતીક રૂપે ૭૨ દેવકુલિકાઓયુક્ત સમવસરણ આકારમય, અષ્ટકોણમય શ્રી સિદ્ધાયતન ચૈત્ય ૪ લાખ વર્ગફૂટ વિસ્તારમાં નિર્મિત થયું છે. આ જિનાલયનું નિર્માણ પરમ શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને તેમના પટ્ટધર આગમનિધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય માનતુંગસૂરીશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશથી પાટણ નિવાસી કાંતિલાલ મણિલાલ ઝવેરીએ અથાગ મહેનતપૂર્વક કરાવ્યું હતું અને એની પ્રતિષ્ઠા પરમ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે થઈ હતી. પાંચ કલ્યાણક જિનાલયો નીચે પ્રમાણે છે.

- ✳ શ્રી સર્વાર્થસિદ્ધ ચૈત્ય (ચ્યવન કલ્યાણકરૂપ)
- ✳ શ્રી શક્રાવતાર ચૈત્ય (જન્મ કલ્યાણકરૂપ)
- ✳ શ્રી સિદ્ધાર્થ ચૈત્ય (દીક્ષા કલ્યાણકરૂપ)
- ✳ શ્રી સિદ્ધાયતન ચૈત્ય (કેવળજ્ઞાન કલ્યાણકરૂપ)
- ✳ સિંહનિષદ્યા ચૈત્ય (નિર્વાણ કલ્યાણકરૂપ)

આ તમામ જિનાલયોનો વહીવટ શ્રી ચંદ્રોદય રીલીજીયસ ટ્રસ્ટ દ્વારા સુપેરે થઈ રહ્યો છે.

વર્તમાનમાં આ ચરણપાદુકાને યથાવત રાખીને સુંદર ચતુર્મુખ જિનાલયના નિર્માણનો લાભ શાસન પ્રભાવક પ્રરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન વર્ધમાનતપોનિધિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર પ્રવચન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશ અને માર્ગદર્શનપૂર્વક

સિસોદ્રા-ગણેશ-નવસારી નિવાસી શ્રી રમણલાલ છગનલાલ શાહ - હસ્તે દક્ષાબેન અરવિંદભાઈ

પૂ.સા.શ્રી કલ્પ-રાજ-ચારિત્રનંદિતાશ્રીજી મ.ના આલંબને ધાનેરા નિવાસી શ્રી જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી હસ્તે વર્ષાબેન અરવિંદભાઈ, રીટાબેન વિનોદભાઈ અને તૃપ્તિબેન શૈલેષભાઈ આ પરિવારોએ સ્વદ્રવ્યનો ઉદાર વ્યય કરીને લીધો છે.

**ભરતચક્રવર્તી વિનિર્મિત હસ્તગિરિ તીર્થાય નમઃ**
**સિદ્ધક્ષેત્રની પાંત્રીસમી ટૂંકે શ્રી આદીશ્વરાય નમઃ**
**જિનભક્તિથી પૂરવસંચિત અશુભ કર્મો થાયે દૂર**
**ચતુર્મુખ જિનબિંબ પ્રતિષ્ઠા નીરખી હરખી હ્રદય ભરો.**

## પૂર્વ અને ઉત્તર દિશામાં બિરાજમાન થનારા જિનબિંબોની અંજનશલાકા

નવનિર્મિત ચતુર્મુખ જિનાલયમાં પૂર્વ અને ઉત્તર દિશામાં પરિકર સહિત બિરાજમાન થનારા શ્રી આદીશ્વર ભગવાનના ૨૫ ઈંચના ચતુર્મુખ જિનબિંબોની અંજનશલાકાનો ઉત્સવ વિ.સં.૨૦૮૦ શ્રાવણ સુદ-૩, બુધવાર, તા.૦૭.૦૮.૨૦૨૪ના દિવસે પાલીતાણા સ્થિત પારણાં ભવન અને જાલોરી ભવન ખાતે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ગુરૂભગવંતોની નિશ્રામાં આયોજિત હસ્તગિરિ તીર્થમાં બિરાજમાન થનાર પ્રતિમાજીની અંજનશલાકા સાથે ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો.

આ સમગ્ર અંજનશલાકા મહોત્સવનો સંપૂર્ણ લાભ નિર્વાણ કલ્યાણકરૂપ જિનાલયના સંપૂર્ણ નિર્માતા નવસારી નિવાસી શ્રી રમણલાલ છગનલાલ શાહ હસ્તે-દક્ષાબેન અરવિંદભાઈ શાહ પરિવાર તથા ધાનેરા નિવાસી શ્રી જયંતીલાલ દાનસુંગભાઈ અજબાણી હસ્તે-વર્ષાબેન અરવિંદભાઈ, રીટાબેન વિનોદભાઈ અને તૃપ્તિબેન શૈલેષભાઈ પરિવારે સંયુક્ત મેળવ્યો હતો.

## પશ્ચિમ અને દક્ષિણ દિશામાં બિરાજમાન થનારા જિનબિંબોની અંજનશલાકા

નવનિર્મિત ચતુર્મુખ જિનાલયમાં પશ્ચિમ અને દક્ષિણ દિશામાં પરિકર સહિત બિરાજમાન થનારા શ્રી આદીશ્વર ભગવાનના ૨૫ ઈંચના ચતુર્મુખ જિનબિંબોની અંજનશલાકાનો મહોત્સવ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આયોજન હેઠળ વિ.સં. ૨૦૮૦ શ્રાવણ વદ-૪, શુક્રવાર તા.૨૩.૦૮.૨૦૨૪ના દિવસે પાલીતાણા સ્થિત ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ગુરૂ ભગવંતોની નિશ્રામાં પારણા ભવન, પાલીતાણા ખાતે ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો.

અંજનશલાકા દરમ્યાન જે પ્રતિમાજી ઉપર સમગ્ર વિધાન કરવામાં આવેલ તે પંચધાતુના ૧૧ઈંચના શ્રી આદીશ્વર પ્રભુજી ભરાવવાનો લાભ પૂજ્ય સાગરજી મ.ના ૧૫૦માં જન્મવર્ષ નિમિત્તે પરમ પૂજ્ય આચાર્ય શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા., પરમ પૂજ્ય આચાર્ય શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના સદુપદેશથી જાગૃતિબેન પંકજભાઈ બારભાયાએ લીધો છે.

આ પ્રતિમાજી પાલીતાણા-શત્રુંજય ગિરિરાજની તળેટી ખાતે બિરાજમાન કરવામાં આવ્યા છે.


**અત્યંત ઉપયોગી માહિતીપૂર્ણ ઐતિહાસિક પ્રકાશન**

**શ્રી શત્રુંજય ચૈત્યપરિપાટી**

સં.૧૯૦૮ (ઈ.સ. ૧૮૫૨)

**-: લેખન - સંપાદન :-**

રસીલા કડીઆ

**-: પ્રથમ આવૃત્તિ :-**

૨૯-ફેબ્રુઆરી, ૨૦૨૪

**-: મૂલ્ય :-**

રૂા.૩૫૦/-

**-: પ્રાપ્તિ સ્થાન :-**

**-: શેઠ આણંદજી કલ્યાણજી પેઢી :-**

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી,

અમદાવાદ - ૩૮૦ ૦૦૭

**આ પુસ્તક આપના સ્વાધ્યાય માટે અત્યંત ઉપયોગી બનશે.**

**શ્રી મૂછાળા મહાવીર તીર્થની ધન્ય ધરા પર જીર્ણોદ્ધારિત**

**૨૨ દેવકુલિકાઓમાં પ્રાચિન જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા અને**

**નવનિર્મિત પટશાળામાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના**

**જીવન પ્રસંગોના વિવિધ પટોની સ્થાપના સહિત**

**મહામંગલકારી પ્રતિષ્ઠા મહામહોત્સવ**

**-: મહોત્સવ પ્રારંભ :-**

વિ.સં.૨૦૮૧ માગસર સુદ-૭, રવિવાર, તા.૦૮.૧૨.૨૦૨૪

**-: પ્રતિષ્ઠા તથા પટશાળા અનાવરણ :-**

વિ.સં.૨૦૮૧ માગસર સુદ-૧૫, રવિવાર, તા.૧૫.૧૨.૨૦૨૪

**-: પાવનકારી નિશ્રા :-**

પૂજ્ય શાસન સમ્રાટ સમુદાયના પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રી જિનોત્તમસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ ભગવંતો

પરમ પૂજ્ય નીતિસૂરિ સમુદાયના

સાધ્વીજી શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. આદિ શ્રમણી પરિવાર

**-: મહોત્સવ સ્થળ :-**

મૂછાળા મહાવીર જૈન તીર્થ,

મુ.પો.ઘાણેરાવ, તા.દેસુરી, જી.પાલી (રાજસ્થાન) પીન - ૩૦૬ ૭૦૪

સંપર્ક :- મો.નં.૯૯૨૮૦ ૨૦૬૯૮

## શ્રી મૂછાળા મહાવીર તીર્થનો સંક્ષિપ્ત પરિચય

રાજસ્થાનના ગોડવાડ તરીકે ઓળખાતા વિસ્તારમાં પાંચ તીર્થમાં શ્રી મૂછાળા મહાવીરનો અનેરો મહિમા છે. આ તીર્થનો આછેરો સ્વર્ણિમ ઈતિહાસ.

રાજસ્થાનની ભૂમિ વીરોની ભૂમિના રૂપમાં સુપ્રસિદ્ધ છે એ જ રીતે ભક્તિ અને સ્થાપનની દ્રષ્ટિએ તથા સ્થાપત્યની દ્રષ્ટિથીએ પણ સુવિખ્યાત છે. આ ભૂમિ પર વિદ્યમાન અનેક અદ્દભૂત જિનાલયો અને ભવ્ય મહેલો એના સાક્ષી છે. આસ્થા, ભક્તિ અને સમર્પણના પરિપાકરૂપે નિર્મિત થયેલા અદ્વિતીય જિનાલયો આ ભૂમિ પર અલંકાર બનીને શોભી રહ્યા છે. જ્યાં ભક્તિથી અદ્દભુત પ્રસંગો આકાર લે છે.

આસ્થા અને ભક્તિના સંગમસ્વરૂપ ઘાણેરાવ ગાવની સમીપમાં મૂછાળા મહાવીર નામનું એક સુપ્રસિદ્ધ તીર્થ છે. આ તીર્થ ઘાણેરાવથી લગભગ પાંચ કિલોમીટરની દૂરી પર અને સાદડીથી ૧૦ કિ.મી.ની દૂરી પર, દક્ષિણ-પૂર્વ દિશામાં અરાવલી પર્વતમાળાની ગોદમાં, ગીચ જંગલોની વચ્ચે વહેતી શુષ્ક - સુકી નદીના કિનારે જંગલમાં મંગલ સમાન બે પહાડીઓની વચ્ચે ઘેરાયેલા મેદાનમાં સ્થિત છે. આ તીર્થ પ્રાચીન છે અને એની સાથે અનેક આશ્ચર્યજનક ઘટનાઓ પણ જોડાયેલી છે. ૨૨ દેરીઓયુક્ત જિનાલયમાં મૂળનાયક ચરમ શાસનનાયક ૨૪માં તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામી બિરાજમાન છે. પ્રદક્ષિણા પથમાં સ્થિત બાવીસ દેરીઓમાં પ્રાચીન પ્રતિમાઓ પ્રતિષ્ઠિત હતી. હાલમાં જ આ દેરીઓનું નવનિર્માણ સારી રીતે સંપન્ન થયું છે. આ દેરાસરમાં કોઈ વિશેષ પ્રાચીન લેખ ઉપલબ્ધ નથી છતાં એ મૂર્તિની પ્રાચીનતા પ્રત્યક્ષ અનુભવી શકાય છે. મૂર્તિ પર કોઈ લેખ મળતો નથી તે છતાં અહિંયા જાણીતી લોકવાયકા મુજબ આ પ્રતિમા નંદીવર્ધન રાજાએ પ્રતિષ્ઠિત કરેલી હતી. સુંદર પરિકર યુક્ત સફેદ આરસના પથ્થરથી બનેલી આ પ્રતિમાની પ્રાચીનતા સ્પષ્ટ તરી આવે છે. એની સુંદરતા આંખોને ઉડીને વળગે છે. આ પ્રતિમા અનેક સ્થાનો ઉપર ખંડિત

જેવી દેખાતી હોવાથી વર્ષો પૂર્વે બીજી પ્રતિમા અહિંયા પ્રતિષ્ઠિત કરવા માટે લાવવામાં આવી હતી પરંતુ મૂળનાયક ભગવાનની પ્રતિમાને આસન પરથી ઉત્થાપિત કરવાનું શક્ય બની શક્યું નહીં એટલે છેવટે નવી લાવેલી પ્રતિમા બાજુની દેરીમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. ઘાણેરાવ વિસ્તારમાં આ પ્રતિમાનો ચમત્કારિક પ્રભાવ ફેલાયેલો છે. આ તીર્થના અધિષ્ઠાયક દેવ પ્રગટ પ્રભાવી છે અને લોકોની મનોકામના પૂર્ણ કરે છે, આવી આસ્થા અહીંના લોકોના મનમાં સ્થાપિત છે. અહીં આસો વદ-૧ અને ચૈત્ર સુદ-૧૩ના દિવસે મેળો ભરાય છે એ વખતે હજારો લોકો અહીં પરમાત્માના દર્શન કરવા માટે આવે છે.

મૂળનાયક મહાવીર સ્વામી ભગવાન મૂછાળાના રૂપમાં સુપ્રસિદ્ધ છે. પરમાત્માની પ્રતિમા મૂછાળા મહાવીરના રૂપમાં પ્રસિદ્ધ થઈ એની પાછળ એક દંતકથા પ્રચલિત છે. એકવાર કુંભલગઢના મહારાજા શિકાર કરવા માટે નિકળ્યા હતા અને ફરતા ફરતા અહીં આવી પહોંચ્યા. તેઓ ધર્મશાળાના ચબૂતરા ઉપર વિશ્રામ કરી રહ્યા હતા ત્યારે પૂજારીએ તિલક કરવા માટે કેસર આપ્યું. કેસરની વાટકીમાં એક વાળ દેખાયો. વાળને જોતા જ રાજાની સાથેના અધિકારીઓએ પૂજારીને ઠપકો આપ્યો અને મજાક ઉડાવતા કહ્યું કે "પૂજારીજી, તમારા ભગવાનને શું દાઢી મૂછ છે ? જો દાઢી મૂછ નથી તો કેસરની વાટકીમાં વાળ ક્યાંથી આવ્યો ?" પૂજારીથી મજાક સહન ના થઈ. એણે જવાબમાં કહ્યું "હા મહારાજા, મારા ભગવાનને દાઢી મૂછ છે અને એ અનેક રૂપ ધારણ કરવામાં સમર્થ છે." રાજા આ સાંભળીને હસી પડ્યો અને એણે કહ્યું "અત્યારે તો હું શિકાર ઉપર નીકળું છું. ત્રણ દિવસ પછી પાછો આવીશ ત્યારે દાઢી મૂછવાળા તારા ભગવાનના દર્શન કરાવજે !" પૂજારીએ ભક્તિપૂર્વક પરમાત્માની પાસે આવીને વિનંતી કરી "ભગવાન, રાજા જ્યારે પાછો આવે ત્યારે આપે દાઢી મૂછ સાથે દર્શન આપવા જ પડશે ! આપ જ્યાં સુધી આપના દાઢી મૂછવાળા સ્વરૂપનું દર્શન નહીં કરાવો ત્યાં સુધી હું અન્ન-જળ ગ્રહણ નહીં કરું !" આ પ્રમાણે મનમાં

જ સંકલ્પ કરીને પૂજારી ત્યાં જ પરમાત્માની ભક્તિ કરતાં બેસી રહ્યો. એને અઠ્ઠમ(સળંગ ત્રણ ઉપવાસ)નો તપ થઈ ગયો. ત્રીજા દિવસે સાંજે અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયા અને કહ્યું કે "રાજાને કાલે દર્શન કરાવજે. ભગવાન દાઢી-મૂછની સાથે જ દર્શન આપશે !" પૂજારીના મનને ખૂબ સંતોષ થયો. ચોથા દિવસે સવારે રાજા પધાર્યા. પૂજારી રાજાને શ્રદ્ધાપૂર્વક પરમાત્માની પાસે લઈ ગયો અને  રાજાને પરમાત્માના દાઢી-મૂછ સહિત દર્શન થયા. મૂર્તિને દાઢી-મૂછ જોઈને રાજાને આશ્ચર્ય થયું ! રાજાએ વિચાર કર્યો કે કદાચ આની પાછળ પૂજારીની કોઈ ચાલ હોય ! એટલે એણે પરમાત્માની પ્રતિમાની મૂછનો વાળ ખેંચ્યો. વાળ ખેંચતા જ ત્યાંથી દૂધની ધારા નિકળી. પરમાત્માની આવી અદ્ભુત પ્રતિમા જોઈને રાજા ખૂબ પ્રસન્ન થયો ત્યારથી આ તીર્થ મૂછાળા મહાવીરના રૂપમાં પ્રસિદ્ધિ પામ્યું. દાઢી-મૂછના દર્શન કર્યા પછી રાજાએ નિશ્ચિત કર્યું કે એક જગ્યાએ બે મૂછવાળા રહી ન શકે ! કારણ કે રાજા પોતે મૂછવાળો હતો અને સામાન્ય રીતે રાજપૂત રાજાઓ મૂછ રાખતા હતા અને મૂછાળા કહેવાતા હતા. આ વાત ઉપર રાણાએ દૂર નદીના કિનારે કિલ્લો બાંધીને નવું ગામ વસાવ્યું અને એને ઘાણેરાવ નામ આપ્યું. ત્યારથી મેળાના દિવસે રાણાના પરિવારના લોકો આવીને પહેલા પૂજા કરે આવો એક જ રિવાજ ચાલ્યો. આ ઘટનાથી તીર્થની પ્રાચીનતા દ્રષ્ટિગોચર થઈ શકે છે. કહેવાય છે કે આજે પણ પ્રભુ મહાવીરની મૂળ પ્રતિમાનું મુખમંડળ દિવસમાં સવારે જૂદુ અને સાંજે જૂદુ દેખાતું હોય છે !

આ તીર્થની આસપાસ ગાઢ જંગલ છે. મનોહર પ્રાકૃતિક વાતાવરણ છે. આ તીર્થનું પ્રબંધન એની વ્યવસ્થા વર્ષો સુધી સમસ્ત ઘાણેરાવ સંઘ દ્વારા થતી હતી. ઈસ્વીસન્ ૧૯૬૨માં ઘાણેરાવ સંઘના અગ્રણીઓ અને ઓસવાલ શ્રી સંઘ વિગેરે મૂછાળા મહાવીર તીર્થનો વહીવટ પેઢીને સોંપવા માટે પેઢીના તત્કાલિન પ્રમુખ શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સાથે રાણકપુર તીર્થમાં વિચાર વિમર્શ કરીને આ તીર્થનું સંચાલન સંભાળવા માટે વિનંતી કરી. પેઢીએ વિ.સં.૨૦૨૦ ચૈત્ર વદ-૭, સોમવાર, તા.૦૪.૦૫.૧૯૬૪ના

દિવસથી આ તીર્થનું સંચાલન કાર્ય પોતાના હાથમાં લીધું. પેઢી દ્વારા જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો. જિનાલય, ધર્મશાળા વગેરેની સુંદર વ્યવસ્થા પેઢી દ્વારા સંભાળવામાં આવી ત્યારથી આ તીર્થ પેઢીના પ્રબંધનમાં છે. આ તીર્થ અનેક રીતે ભક્તોની આસ્થાનું કેન્દ્ર બન્યું છે. મુખ્ય પ્રતિમા ખંડિત હોવાથી એના ઉપર લેપ પણ કરવામાં આવ્યો છે. મૂળનાયક પ્રતિમાની નીચેના લેખમાં ''सं.१०१० फाल्गुन सुदि-५ दिने संडेर गच्छे'' આવું વંચાતું હતું આનાથી આ જિનાલય ૧૧મી સદીનું પ્રાચીન છે, આવું કહી શકાય ! કિંવદંતિ મુજબ ભગવાન મહાવીરના મોટાભાઈ નંદીવર્ધન રાજા દ્વારા મૂર્તિ ભરાવવાની પણ માન્યતા છે. ક્યાંક ક્યાંક પ્રાચીન લિપિમાં મળતા શિલાલેખોમાં પ્રભુના મોટાભાઈ નંદીવર્ધનના પરિવારથી સંબંધિત સોહનસિંહ નામના રાજા દ્વારા મૂર્તિ બનાવવાનો ઉલ્લેખ છે. આ સોહનસિંહને મહાન સમ્રાટ અશોકના પ્રપોત્રના પૌત્રના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. મોહમ્મદ ખિલજીના સમયમાં માલદે નામનો ચિત્તોડનો શાસક હતો અને આ આખો પ્રદેશ તેના તાબામાં હતો. એણે સહયોગ આપીને આ ભૂમિનો જીર્ણોદ્ધાર કરાવ્યો આવી કથા પણ પ્રચલિત છે. શૃંગાર ચોકીની ડાબી બાજુ ૧૯૦૭ માગસર વદ-૧નો લેખ છે. જિનાલયમાં બે મંડપ છે જેમાં બીજો મંડપ થાંભલા ઉપર ખુલ્લો મંડપ છે. જિનાલયની બે રીતે પ્રદક્ષિણા કરી શકાય છે. એક ગર્ભગૃહની બહારથી અને બીજી રંગમંડપની બહારથી. ભમતિમાં એક પ્રતિમાજી ઉપર ૧૨૪૫નો લેખ, બીજી પ્રતિમાજી ઉપર ૧૭૮૬નો લેખ, ભમતિમાં બીજા પ્રાચીન પગલાં ઉપર સં.૧૭૧૪ મહા સુદિ-૧૩નો લેખ પણ છે. ભમતિમાં વિ.સં.૧૭૧૭ મહા સુદિ - ૧૩ના દિવસે પ્રતિષ્ઠિત આચાર્યશ્રી વિજયદેવસૂરિજીના પગલા હતા.

વિ.સં.૨૦૨૨ વૈશાખ વદ-૮, ગુરૂવારના શુભ દિવસે પરમ પૂજ્ય સમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી

પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ.સા.ના સાનિધ્યમાં જીર્ણોદ્ધારિત ૨૨ દેરીઓ અને ધ્વજદંડ તથા કળશની પ્રતિષ્ઠા થઈ હતી.

જિનાલય ઉત્તરમુખી છે, દ્વારની બંને બાજુ વિશાળ હાથી ઉભા છે. દર્શનાર્થીના જમણી બાજુના હાથીની પાછળ ચમત્કારી અને હાજરાહજુર અધિષ્ઠાયક દેવ-ભૈરવદેવની પ્રતિમા પ્રતિષ્ઠિત છે. અખંડ જ્યોત પ્રજ્વલિત છે. જૈન, જૈનેતર વગેરે બધા અહીં માનતા માને છે. દર બુધવાર અને અમાસના દિવસે લોકો વિશેષરૂપે દર્શન કરવા આવે છે. જિનાલયની સામેનું મુખ્યદ્વાર જે ક્યારેક સોનગઢના નામથી જાણીતું હતું. મંદિર પરિસરના સમીપમાં એક અલગ દેરી-છત્રી છે. જેમાં વિ.સં. ૨૦૨૪માં પ્રતિષ્ઠિત અનુયોગાચાર્ય શ્રી હિતવિજયજી મહારાજની મૂર્તિ બિરાજમાન છે.

**-: વર્ષગાંઠ :-**

મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠાનો દિવસ વૈશાખ સુદ - ૮ વર્ષગાંઠના રૂપે મનાવવામાં આવે છે.

**-: તીર્થમાં ઉપલબ્ધ સુવિધાઓ :-**

પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ માટે ઉપાશ્રયની સગવડતા છે.

સગવડતા સંપન્ન ધર્મશાળા પણ છે. બે હોલ છે, આવનારા સંઘો માટે રસોડાની અલગ જગ્યા છે. તીર્થ પરિસરમાં ઓસવાલ શ્રીસંઘ ઘાણેરાવ દ્વારા સંચાલિત ભોજનશાળા સારી રીતે ચાલી રહી છે.

સરકારી બસો ઘાણેરાવ સુધી આવે છે. ઘાણેરાવથી પ્રાઈવેટ બસ અને ટેક્ષી દ્વારા અહીં પહોંચી શકાય છે. સાદડીથી પણ યાતાયાતના સાધનો ઉપલબ્ધ છે.

**-: તીર્થ વ્યવસ્થાપક :-**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રી મૂછાળા મહાવીર જૈન તીર્થ,
મુકામ - પોસ્ટ ઘાણેરાવ -૩૦૬૭૦૪ તાલુકો - દેસૂરી,
જિલ્લો-પાલી, રાજસ્થાન
સંપર્ક : મો.નં.૯૯૨૮૦ ૨૦૬૯૮

# ઋષભ ચરણ અંગૂઠડે....

## અષ્ટ પ્રકારી : વિવેકભરી વિચારણા

મારા મનમાં એક સમસ્યા સર્જાઈ છે.

સમાધાન જોઈએ છે. હું રોજ પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા કરું છું. પણ હમણાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી રોજ એવું બને છે કે, જ્યારે જ્યારે જિનાલયમાં જાઉં ત્યારે જે પ્રભુજીની કાયમી અષ્ટપ્રકારી પૂજા કરું છું, પૂજા કરીને આંગી રચું છું, તે પ્રભુજીને કોઈકે અગાઉથી આવીને સુંદર અંગરચના કરી હોય છે ! હવે મારે શું કરવું ? અંગરચના એવી તો સુંદર અને આલ્હાદક રચાઈ હોય છે કે તે રદ કરવાનો જીવ ચાલતો નથી. બીજી બાજુએ મારા નિયમને પાળવાની ચટપટી હોય છે. મૂંઝાઉં છું. કોઈક સમાધાન મેળવવા આપના ચારણોમાં આવ્યો છું.

**ઉત્તર :-** તમારી સમસ્યા બિલકુલ વ્યાજબી છે. આવ સ્થિતિમાં સમજુ અને ધર્માભિમુખ વ્યક્તિને આવું ન થાય તે નવાઈ લાગે. મને પણ થોડી મૂંઝવણ છે કે કેમ કરીને ઉકેલ આપું જેથી તમારા મનનું સમાધાન થાય. આ પ્રશ્નના યોગ્ય સમાધાન માટે એક સાચુકલો પ્રસંગ આપણે જોઈએ. તમારા જેવાને તો કદાચ તેમાંથી જ સમાધાન મળી રહેશે. છતાં તે પ્રસંગ પછી થોડી વિચારણા પણ કરીશું.

પ્રસંગ આવો છે : .... આજે ઋષભકુમાર રાજા બનવાના છે. ઋષભકુમારનો રાજ્યાભિષેક છે. અયોધ્યાનગરીના બાહિર ભાગમાં તડામાર તૈયારીઓ ચાલે છે. મંડપને સજીધજીને શણગાર્યો છે. સોનાનું સિંહાસન રચાઈ ગયું છે. પિતા નાભિના મોં પર પણ ઉલ્લાસ છલકાય છે. પ્રજારૂપ યુગલિયાઓ, પોતાને ત્યાં રાજાનો અભિષેક છે એ એક અવસર છે માટે આપણાથી થઈ શકે તે કરવા થનગનવા લાગ્યા છે. પહેલીવારનો જ આવો

પ્રસંગ છે. હાજર રહેલા દેવોને યુગલિયાઓ પૂછે છે : શું શું કરવાનું હોય ! શું શું જોઈએ ?

ખબર પડી કે આજે અભિષેક થશે એટલે સહુ સાથે મળીને અભિષેકનું જળ લેવા ઉપડ્યા. અંભોજિની (કમલિની) ના મોટા પાંદડાંઓના પડીયા બનાવી, નિર્મળ જળથી ભરેલા તળાવના પાણીથી એ પડીયા ભર્યા અને ઉછળતા ઉત્સાહથી મંડપ ભણી ચાલ્યા....

જલ્દી જલ્દી ઉતાવળે ચાલ્યા પણ... મંડપમાં આવી જુએ છે તો ઋષભકુમારને તો સ્નાન-વિલેપન કરાવીને, ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરાવીને સિંહાસન પર બિરાજમાન કરી દીધાં હતા ! યુગલિયાઓ જેવા અભિષેક જળ લેવા ગયા કે સહસા ઈંદ્રાસન કંપ્યું અને ઈંદ્રમહારાજા અને દેવોએ મળી તીર્થજળથી અભિષેક કરી, દિવ્ય વસ્ત્રો ધારણ કરાવી મુગટ વગેરે રત્નાલંકારો ધારણ કરાવ્યા. દેવોને આ બધું કરતાં શી વાર !

યુગલિયાઓને મનમાં ઘણી હોંશ હતીઃ

'આજે આપણે આપણા લાવેલા જળથી અભિષેક કરીશું પછી તેને વસ્ત્ર અલંકારથી સજ્જ કરીશું.' પણ અહીંનું દૃશ્ય તો જુદુ હતું. હવે ? બધા યુગલિયાઓ અખિન્ન હૃદયે ત્યાં જ ઉભા રહ્યા. ઈંદ્રો અને દેવોનું આવાગમન ચાલુ જ હતું. સહેજ પણ છોભીલા પડ્યા વિના, ઋષભકુમારના પગનો એક અંગૂઠો દેખાતો હતો ત્યાં પોતાના પડીયાના જળ વડે, આચાર સાચવવા અભિષેક કર્યો ! સંતોષ માન્યો.

અભિનવ રાજા ઋષભકુમાર પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા.

મુખમાંથી સહસા ઉદ્ગાર સરી પડ્યા : अहो विनीता एते । (અહો ! આ બધા કેટલા વિનયવંત છે !)

ઈંદ્રમહારાજા પણ આ ઘટનાથી ખૂબ પ્રભાવિત થયા. નૂતન રાજાના મુખમાંથી નીકળેલા શબ્દોને કાયમી બનાવવા માટે જાહેર ઉદ્ઘોષણા કરી કે, 'આ ઘટનાની સ્મૃતિને ચિરંજીવિની બનાવવા અહીં આ સ્થળે એક

નગરી વસાવવામાં આવશે અને તેનું નામાભિધાન વિનીતા રાખવામાં આવશે.' યુગલિયાઓ રાજી રાજી થઈ ગયા.

આપણે આ ઉપરથી એક કાયમી બોધ તારવવાનો છે. યુગલિયાઓએ શું કર્યું ? આપણે શું કરવું જોઈએ ? આ રીતે રોજીંદી ઘટના પાછળનો આશય અને પ્રક્રિયા બદલવાના છે.

તમારે પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા કરવાનો ભાવ છે. નિયમ છે. તમે જે પ્રભુજીને રોજ અષ્ટપ્રકારી પૂજા કરો છો તે જ પ્રભુજીને તમે આવ્યા તે પહેલા પૂજા થઈ ગઈ છે. અરે ! કોઈએ ખૂબ ભાવથી વિવિધ પુષ્પો વડે અલંકાર યુક્ત અંગરચના પણ કરી દીધી છે.

તો, તમને એક મૂંઝવણ એ થવાની કે સાત પ્રકારની પૂજા તો થઈ શકશે પરંતુ પહેલી, જળ વડે અભિષેક કરવાની પૂજા તો બાકી જ રહેશે તેનું શું ?

એ પ્રશ્નનો ઉત્તર શોધવા માટે તમારે આગળના યુગમાં જવું પડશે. તમે ચાતુર્માસિક પ્રવચનનાં નિયમિત શ્રોતા છો. છેલ્લા એકાદ બે વર્ષમાં જ તમે, પ્રવચનમાં आचारोपदेश નામના ગ્રંથના પ્રવચનોનું શ્રવણ કર્યું હશે. તેમાં શ્રાવકના, દિવસના કર્તવ્યમાં જિનાલયમાં જિનેશ્વરની સમક્ષ અષ્ટપ્રકારી પૂજાનો ક્રમ અને તેના પ્રત્યેકના શ્લોક આવે છે. (બીજો વર્ગ=પંદરથી બાવીસ શ્લોક) તેનું ધ્યાનપૂર્વક શ્રવણ કર્યું હશે. તેમાં તમે જોયું હશે કે जलपूजा આઠમી છે, -- છેલ્લી છે. વળી જળપૂજામાં નિર્મળજળથી ભરેલા કળશની સ્થાપનાની વાત છે. જળના અભિષેકની વાત જુદી છે અને જળપૂજાની વાત જૂદી છે. અભિષેક (પ્રક્ષાલ)ને પૂજા નથી ગણી; નિર્મળ જળથી ભરેલા કળશની સ્થાપના તેને જળપૂજા કહી છે.

આ બાબતમાં તમારી શ્રદ્ધાને સ્થિર કરવા માટે શાસ્ત્રપાઠ જોઈએ તો આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિ મહારાજ રચિત श्राद्धदिनकृत्य ગ્રંથમાં ઉલ્લેખ છે. આચાર્યશ્રી ગુણચન્દ્રસૂરિ મહારાજા કૃત महावीर चरियं માં પણ આઠમી પૂજા રૂપે जलपूजा ની જ વાત આવે છે.

તેથી તમે સાત પ્રકારની પૂજા પ્રભુજી ઉપર કરીને અગ્રપૂજામાં જ્યારે અક્ષતપૂજા - નૈવેદ્યપૂજા અને ફલપૂજા કરો ત્યારે પાટલા ઉપર જ

નિર્મળજળથી ભરેલો કળશ સ્થાન કરો તેમાં તમે આઠમી પૂજા કરી ગણાય. આમ કરવાથી તમારો અષ્ટપ્રકારી પૂજાનો નિયમ સચવાઈ જશે. તમારી આઠમી પૂજાને માટે કોઈએ ભાવથી કરેલી અંગરચના વીંખી નાખતા નહીં. બને તો એવી કરેલી અંગરચના જોઈ રાજી રાજી થજો.

એક સ્થાને એવું બન્યું હતું કે અંગરચના કરનાર બહેન એ જ પ્રભુ સમક્ષ ચૈત્યવંદન કરતાં હતા અને એ જ સમયે તેમણે બહુ ભાવ-બહુમાનથી કરેલી અંગરચનાને અન્ય કોઈએ નવ્હણજળમાં પધરાવતા જોઈ આંખમાં આંસુ ઘસી આવ્યા હતા.

બીજા એક પ્રસંગે, દસ વરસના એક બાળકે પોતે દોઢ કલાક સુધી તન્મય બનીને કરેલી અંગરચના પોતાની મમ્મીને બતાવવા હોંશે હોંશે લઈને આવ્યો પણ... આંગીવાળા ભગવાન ઘણા ગોત્યા પણ આંગી રહી હોય તો મળે ને ! બાળકે દોડાદોડ કરી પૂજારીને બોલાવી પૂછ્યું ત્યારે ખબર પડી કે બીજા એક બહેનને કરવાની હતી તે પ્રભુજીને પ્રક્ષાલ કર્યો પણ એ બહેન પણ ન કરી શક્યા ! એ બાળકનું હૈયું નંદવાઈ ગયું !

આવું તમે તો નહીં જ કરો ! પ્રભુજીના દર્શન કરી રાજી થવું એ પણ એક પૂજા છે તેમ માનજો. આશા છે કે તમને સમાધાન મળી ગયું હશે.

-પૂ.આચાર્ય ભગવંત પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.ના પુસ્તક "પાઠશાળા" માંથી

પ્રાચીનકાળમાં કુલગુરુઓ ગોત્ર, કુલ, વંશ તથા તેમના વંશજોના નામો લખતા હતા. આજના સમયમાં હજુ વહીવંચા કે ભાટ આદિ લખે છે, અને એ રીતે ઈતિહાસ સચવાતો આવેલો છે.

જૈનોમાં આવી કુલપરંપરાઓ સં.૭૭૫ની ચૈત્ર સદી ૭મીથી વર્ધમાનપુરમાં શરૂ થયેલી. સં.૭૨૩માં ભિન્નમાલના વટગામમાં શ્રી ઉદ્યોતનસૂરિએ પોતાના ૮૪ શિષ્યોને સૂરિપદ આપ્યું અને ૮૪ ગચ્છની સ્થાપના થયેલી. આ ભિન્નમાલે અનેક ચડતી પડતી જોઈ. આ કાળ દરમ્યાન અનેક જૈનધર્મી સૂરિઓએ અન્ય બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરેને જૈનધર્મી બનાવ્યા. પરિણામે જૈન બનેલા તે સર્વના ગોત્રો જૈનોમાં પણ આવ્યા. આ રીતે ઓશવાલ, પોરવાડ, શ્રીમાલી વગેરે જ્ઞાતિઓના જુદા જુદા ગોત્રોનાં અનેક નામો 'શ્રી જૈન ગોત્રસંગ્રહ' (શ્રી જૈનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત) પુસ્તકમાં મળે છે.

**("શત્રુંજય ચૈત્યપરિપાટી" પુસ્તકમાંથી)**

# સમાચાર સાર

શાશ્વત મહાતીર્થ શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં ચાલુવર્ષે ચાતુર્માસ દરમ્યાન

(૧) પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત - ૧

(૨) પૂજ્ય આચાર્ય ભગવંત - ૩૧

(૩) પૂજ્ય પન્યાસજી મહારાજ - ૧૩

(૪) પૂજ્ય ગણિવર્ય મહારાજ - ૦૮

(૫) પૂજ્ય પ્રવર્તક મહારાજ - ૦૭

(૬) પૂજ્ય મુનિ ભગવંત - ૨૧૬

(૭) પૂજ્ય સાધ્વીજી ભગવંત - ૧,૦૮૮ કુલ ૧,૩૬૪ ગુરૂભગવંતોની નિશ્રામાં ચુતુર્વિધ શ્રીસંઘે ધર્મ આરાધના, પ્રભાવના, પરમાત્મા ભક્તિ, શ્રાવક જીવનના સમુચિત કર્તવ્યોનું પાલન વિગેરે દ્વારા ચાતુર્માસના દિવસોને સાર્થક કર્યા હતા. ૧ ઓક્ટોબર-૨૩ થી ૨૫ નવેમ્બર-૨૦૨૪ સુધી શત્રુંજય મહાતીર્થની સ્પર્શના કરવા આવનારા યાત્રિક ભાઈ-બહેનોની સંખ્યા ૫,૬૩,૯૩૭ જેટલી રહી હતી. જેમાં ૧,૩૧૫ વિદેશી પ્રવાસીઓ પધાર્યા હતા.

વર્ષ દરમ્યાન જુદા જુદા દેરાસરો, જુદા જુદા ઉપાશ્રયો, જુદી જુદી ધર્મશાળાઓ તથા અન્ય ધર્મસ્થાનોમાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

**ગિરનારજી તીર્થ (જૂનાગઢ)**

૧ ઓક્ટોબર - ૨૦૨૩ થી ૨૫-નવેમ્બર-૨૦૨૪ શ્રી ગિરનારજી તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન ૨૫ જેટલા પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૩૬૩ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા. તીર્થયાત્રા માટે આવેલા યાત્રિકોની સંખ્યા ૫૮,૨૫૦ જેટલી રહી હતી. આ સમયગાળા દરમ્યાન ૯ છ'રી પાલિત સંઘોનું આગમન થયું હતું. ઉપધાન, શિબિર, ૧૮ અભિષેક, પૂજન, મહાપૂજન વિગેરે ૧૫ આયોજનો થયા હતા.

**તારંગાતીર્થ**

૧ નવેમ્બર-૨૩ થી ૨૫-નવેમ્બર-૨૦૨૪ સુધી તારંગાજી તીર્થની યાત્રા કરવા માટે બે છ'રી પાલિત સંઘોનું આગમન થયું હતું અને તારંગાથી કેસરીયાજીનો એક સંઘ નિકળ્યો હતો. વર્ષ દરમ્યાન પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૩૨૫ સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા. તીર્થયાત્રા માટે આવેલા યાત્રિકોની સંખ્યા ૪૪,૭૨૩ જેટલી હતી. સિધ્ધશિલા દેરી તથા કોટિશિલા દેરીના શિખર ઉપર ધ્વજદંડની પુનઃપ્રતિષ્ઠા થઈ હતી. આસો સુદ-૧૦ તારંગા તીર્થની ૬૦૨મી સાલગિરિની ઉજવણી થઈ હતી.

**કુંભારિયાજી તીર્થ**

૧ ઓક્ટોબર - ૨૦૨૩ થી ૨૫- નવેમ્બર-૨૦૨૪ શ્રી કુંભારીયાજી તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન ૯ જેટલા પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૧૯૯ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા. તીર્થયાત્રા માટે આવેલા યાત્રિકોની સંખ્યા ૧,૪૫,૯૨૫ જેટલી રહી હતી. આ સમયગાળા દરમ્યાન ૧ પદયાત્રા છ'રી પાલિત સંઘ તથા બસ દ્વારા ૭૬ સંઘોનું આગમન થયું હતું.

**શેરીસા તીર્થ**

૧ નવેમ્બર-૨૦૨૩ થી ૨૫ નવેમ્બર - ૨૦૨૪ શ્રી શેરીસા તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૧,૮૦૭ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા. તીર્થયાત્રા માટે આવેલા યાત્રિકોની સંખ્યા ૧૧,૦૫૦ જેટલી હતી. ૩(ત્રણ) છ'રી પાલિત સંઘો ઉપરાંત વાહનથી આવેલા સંઘોની સંખ્યા ૨૭ જેટલી હતી. તીર્થમાં વર્ષ દરમ્યાન ૨૨ મહાપૂજનો, ૨૫ પૂજાઓ, અઠ્ઠમ તપ આરાધના વગેરે અનુષ્ઠાનોમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

**રાણકપુર**

૧ નવેમ્બર-૨૦૨૩ થી ૨૫-નવેમ્બર-૨૦૨૪ શ્રી રાણકપુર તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૧૮૯ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના પાવન પગલા આ તીર્થ ભૂમિમાં થયા હતા. તીર્થયાત્રા માટે આવેલા યાત્રિકોની સંખ્યા ૫,૩૪,૫૧૧ જેટલી રહી હતી. જેમાં ૭૬,૭૯૪ વિદેશી પ્રવાસીઓ હતા. ફાગણ સુદ-૫, તા.૧૪.૦૩.૨૦૨૪ના દિવસે તીર્થની વર્ષગાંઠ નિમિત્તે બધા દેરાસર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ દિવસે ૩૫૦૦ જેટલા યાત્રિકોની ઉપસ્થિતિથી તીર્થમાં મેળા જેવું વાતાવરણ સર્જાયું હતું. આવેલ તમામ યાત્રિકોનું સ્વામીવાત્સલ્ય પણ રાખવામાં આવેલ હતું.

**મૂછાળા મહાવીરજી તીર્થ**

૧ ઓક્ટોબર-૨૦૨૩ થી ૨૫ નવેમ્બર-૨૦૨૪ શ્રી મૂછાળા મહાવીરજી તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન ૮ જેટલા પૂજ્ય આચાર્ય ભગવંત સહિત ૧૪૫ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા. ૫૬૫૨૪ જેટલા યાત્રિક ભાઈ-બહેનો તીર્થ સ્પર્શના કરવા માટે આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન વાહન દ્વારા ૭૬ સંઘોનું આગમન પ્રભુને ભેટવા માટે થયું હતું.

**મક્ષીજી તીર્થ**

૧ નવેમ્બર-૨૦૨૩ થી ૨૫ નવેમ્બર-૨૦૨૪ શ્રી મક્ષીજી તીર્થની યાત્રાએ વર્ષ દરમ્યાન ૫૨૮ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા. ૧૭,૫૦૦ જેટલા યાત્રિક ભાઈ-બહેનો તીર્થ સ્પર્શના કરવા માટે આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન વાહન દ્વારા ૪૬ સંઘોનું આગમન પ્રભુને ભેટવા માટે થયું હતું. પોષ દસમીના પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણક નિમિત્તે આયોજિત ત્રણ દિવસીય ઉત્સવ પ્રસંગે પાંચ હજારથી વધારે માણસો હાજર રહ્યા હતા. આ દિવસે મુખ્ય જિનાલય તથા બાવન દેરીઓ ઉપર ધ્વજારોહણ કરવામાં આવી હતી. પૂજા-ભક્તિ સાથે ત્રણે દિવસે સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શ્રાવકના પ્રકાર

ઠાણાંગ (સ્થાનાંગ) સૂત્રમાં કહ્યું છે કે :-

**चउव्विहा समणोवासगा पन्नत्ता तं जहा -**

**( १ ) अम्मापिइसमाणे ( २ ) भायसमाणे ( ३ ) मित्तसमाणे ( ४ ) सव्वत्तिसमाणे**

૧. માતા - પિતા સમાન, એટલે માતા-પિતા જેમ પુત્ર ઉપર હિતકારી હોય, તેમ સાધુ ઉપર હિતકર્તા.

૨. ભાઈ સમાન, એટલે સાધુને ભાઈની જેમ સર્વકાર્યમાં સહાયક હોય.

૩. મિત્ર સમાન, એટલે મિત્ર જેમ. મિત્રથી કંઈપણ અંતર ન રાખે તેમ સાધુથી કંઈપણ અંતર ન રાખે.

૪. શોક્ય સમાન, એટલે શોક્ય જેમ શોક્યની સાથે સર્વ વાતે ઈર્ષા જ કર્યા કરે, તેમ એવા પણ શ્રાવક હોય છે કે, સાધુનાં સર્વ પ્રકારે છળ-છિદ્ર શોધ્યા કરે.

**चउव्विहा समणोवासगा पन्नत्ता तं जहा -**

**( १ ) आयंससमाणे ( २ ) पडागासमाणे ( ३ ) थाणुसमाणे ( ४ ) खरंटसमाणे**

૧. દર્પણ સમાન શ્રાવક 'તે, જેમ દર્પણમાં સર્વ વસ્તુ દેખાય' તેમ સાધુનો ઉપદેશ સાંભળી પોતાના ચિત્તમાં ઉતારી લે.

૨. પતાકા સમાન શ્રાવક તે જેમ પતાકા પવનથી હાલતી હોય તેમ દેશના સાંભળતાં પણ જેનું ચિત્ત સ્થિર ન હોય.

૩. સ્થાણુ સમાન શ્રાવક - તે ખીલા જેવા, જેમ ખીલો કાઢી ન શકીયે તેમ સાધુને કોઈક એવા કદાગ્રહમાં નાંખી દે કે તેમાંથી પાછું નીકળવું મુશ્કેલ થાય.

૪. ખરંટક સમાન એટલે અશુચિ સરખો શ્રાવક - તે પોતાના કદાગ્રહ રૂપ અશુચિને છોડે નહીં અને ગુરૂને દુ-વર્ચનરૂપ અશુચિથી ખરડે.

પ્રશ્ન : ચાર પ્રકારના શ્રાવકો ક્યા નયમાં ગણી શકાય ?

ઉત્તર : વ્યવહારનયમતે તો તેવા પ્રકારનો વ્યવહાર હોવાથી એ ચારે ભાવશ્રાવકપણે ગણાય છે અને નિશ્ચયનયને મતે તો શોક્ય સમાન તથા ખરંટક સમાન એ બે પ્રકારના શ્રાવકો મિથ્યાત્વી પ્રાયઃ ગણાવ્યા હોવાથી દ્રવ્યશ્રાવક જાણવા અને બીજા બે પ્રકારના શ્રાવકોને ભાવશ્રાવક સમજવા.


આર્યાવર્તના જીવદયાના મૂળ સંસ્કારોને જાળવતી એક ઐતિહાસિક ધરોહર એટલે શેઠ આણંદજી કલ્યાણજી સંચાલિત છાપરીયાળી પાંજરાપોળ !

જીવો અને જીવવા દો ની સંસ્કૃતિથી આગળ વધીને જીવો અને જીવાડોની સંસ્કૃતિ તરફ રાહ ચીંધનાર જૂજ આલંબનોમાંનું એક એટલે પાંજરાપોળ !

જીવરક્ષા એ જિનશાસનની આગવી ઓળખ છે અને આ ઓળખનું સરનામું છે પાંજરાપોળ !

કેટલાંયે મૂક પશુઓનું આશ્રય સ્થાન છે પાંજરાપોળ અને એ આશ્રયની શાતામાંથી ઉદ્‌ભવતા આશીર્વાદનાં અમીઝરણાનું ઉદગમ સ્થાન છે પાંજરાપોળ !

અબોલ જીવોની શાતા માટે નિમિત્ત બનેલો આપણો આ પ્રયાસ આપણાં અશાતા વેદનીય કર્મનો છેદ ઉડાડનારો બની રહે છે.

અબોલ પ્રાણીઓનાં હાશકારામાંથી નીકળતાં સ્પંદનો આપણાં જીવનનાં તારને સતત મીઠો રણકાર આપતાં રહેતાં હોય છે.

**૧૭૨ વર્ષ જૂની અને સક્રિય રીતે જીવદયા ક્ષેત્રે કાર્યરત છાપરીયાળી પાંજરાપોળ આપના સહયોગની પ્રતીક્ષા કરે છે. !**

# પેઢીની વેબસાઈટ

## www.anandjikalyanjipedhi.org

હાલમાં આ વેબસાઈટ ગુજરાતી ભાષામાં કાર્યરત છે. હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ વેબસાઈટ જોઈ શકાય તે માટેની કામગીરી ચાલુ છે.

વેબસાઈટમાં પેઢીનો પરિચય, તીર્થોની માહિતી, મહત્ત્વના પ્રસંગો, પેઢી તરફથી પ્રકાશિત કરવામાં આવતા પ્રકાશનો અંગેની માહિતી, પેઢીની પ્રવૃત્તિઓ, આંગી તિથિ તેમજ ભાતા તિથિમાં લાભ લેવા અંગેની અરજીના ફોર્મ, જીર્ણોદ્ધાર, વર્ષીતપ પારણા અંગેના ફોર્મ, તીર્થોના નકશા વગેરે માહિતી ઉપલબ્ધ મળી શકે છે.

પેઢીની અલગ અલગ શાખાઓમાં ઘી બોલીની રકમ, જનરલ દાન તેમજ પાલીતાણા સુવર્ણ મહોત્સવની રકમ ઉપરાંત શેઠ આણંદજી કલ્યાણજી છાપરીયાળી પાંજરાપોળ સાર્વજનિક ટ્રસ્ટમાં જનરલ દાન તેમજ જીવદયા પ્રતિપાલક યોજનાની રકમ પણ પેઢીની ઉપરોક્ત વેબસાઈટ પરથી ઓનલાઈન જમા કરાવી શકાય છે.

ઓનલાઈન સુવિધાઓનો લાભ વધુમાં વધુ લોકો લે, તેના માટેની જાગૃતિ લાવવી પડશે.

નજીકના ભવિષ્યમાં દરેક પ્રકારની યોજના અંગેની રકમ ઓનલાઈન ભરી શકાય તે માટેની કામગીરી હાલમાં ચાલુ છે.

# શેઠ આણંદજી કલ્યાણજી

જોઈએ છે : **વહીવટી, લીગલ, એકાઉન્ટ, એચ.આર. વિભાગ માટે**

**મેનેજર/આસી.મેનેજર** :- ઉંમર ૪૦ વર્ષથી વધુ-ગ્રેજ્યુએટ-ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ - સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા-ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સુપરવાઈઝર/ક્લાર્ક** :- ઉંમર ૨૨ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સિવિલ એન્જીનીયર :**- ઉંમર ૩૦ થી ૫૫ વર્ષ બી.ઈ.સીવીલ, ૫ વર્ષથી વધુ બાંધકામક્ષેત્રનો અનુભવ, ઓટોકેડના જાણકાર.

ઉપરોક્ત તમામ જગ્યા માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અજરદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

**શેઠ આણંદજી કલ્યાણજી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)**

'સહુને આનંદ સહુનું કલ્યાણ'

**''શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન''**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**
**મો. ૯૪૦૯૬ ૯૮૩૭૫**

E-mail : hr@ak-trust.com

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :


*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,*
*નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦*
*કેશ ભરવાનો સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૪-૩૦ કલાક સુધી*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,*
*ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.*
*ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯*
*કેશ ભરવાનો સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૪-૩૦ કલાક સુધી*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*

*મુંબઈ બ્રાંચ*
*શેઠ આણંદજી કલ્યાણજી*
*૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,*
*ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮*
*(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦*
*(રવિવાર તથા રજાના દિવસો સિવાય)*

*શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ*
*શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦*
*ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬*
*ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮*
*સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦*

*'શ્રી આણંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી*
*તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.*
*શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)*
*શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,*
*નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.*
E-mail : anandkalyanmagazine@gmail.com

"દયા ધર્મનું મૂળ છે"

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂ. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂ. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

પ્રાણીના અભય રક્ષક બનો. દયા ધર્મનું મૂળ છે. ત્યારે ૧ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂ. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(આંબાવાડી બ્રાન્ચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSE CODE - PUNB0097100)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.

અંક : ૨૧

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**



**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**